


## રાજ્ય કક્ષાએ રુલર આઈટી ક્વિઝ -2023માં

# કિસાન માધ્યમિક વિદ્યાલય ,લુણાવાડાના બાળકોનો ઉત્કૃષ્ટ દેખાવ

15મી સપ્ટેમ્બર 2023ના રોજ કેએસવી કેમ્પસ, ગાંધીનગર ખાતે રુલર આઈટી ક્વિઝ યોજાઈ ગઈ જેમાં કિસાન માધ્યમિક વિદ્યાલયમાંથી બે વિદ્યાર્થીઓ પરમાર તીર્થ આર (ધોરણ 11 સાયન્સ)  તેમજ મહેતા વૈદેહી કે (ધોરણ 11 સાયન્સ ),જિલ્લા કક્ષાએ પોતાનું સ્થાન નિશ્ચિત કરી રાજ્યકક્ષાએ ભાગ લીધો હતો .















સદર પ્રવૃત્તિ શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક શ્રી નિરવકુમાર ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી હતી. અત્રેની શાળાના યુવાન અને ઉત્સાહી એવા આચાર્યશ્રી હિતેશકુમાર વાય પટેલ દ્વારા વિદ્યાર્થીઓને સદર પ્રવૃત્તિ વિષયક માર્ગદર્શન પૂરું પાડી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા .

રાજ્ય કક્ષાએ શાળાનું તેમજ મહીસાગર જીલ્લાનું પ્રતિનિધિત્વ કરવા બદલ બંને વિદ્યાર્થીઓ તેમજ તેમના માર્ગદર્શક શિક્ષકશ્રીને શાળાના આચાર્યશ્રી હિતેશકુમાર વાય પટેલ , શાળાના વિકાસ માટે સતત પ્રયત્નશીલ એવા શાળા સંચાલક મંડળના પ્રમુખ શ્રી મૌલિક કે પટેલ તેમજ સમગ્ર OKC સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.